# માણસા નગરપાલિકામાં ૭૫ ટકા મતદાન

## ૬૨ ઉમેદવારો મેદાનમાં : બન્ને પક્ષોના વિજયના દાવા : સોમવારે મતગણતરી : વોર્ડ નં. ૧માં સૌથી વધુ મતદાન નોંધાયુ

ગાંધીનગર, તા. ૧૭

ગાંધીનગર જિલ્લાની માણસા નગરપાલિકાની આજે યોજાયેલ સામાન્ય ચૂંટણીમાં ૭૫ ટકા જેટલુ ભારે મતદાન નોંધાયુ છે. શાંતિપૂર્ણ વાતાવરણમાં મતદાન સંપન્ન થતાં તંત્રએ પણ રાહતનો શ્વાસ લીધો છે. હવે સોમવારે મતગણતરીની કામગીરી હાથ ધરવામાં આવશે.

માણસા નગરપાલિકાની ૨૮ બેઠકો માટે આજે યોજાયેલ ૨૮ બેઠકો માટેની ચૂંટણીમાં મતદાનને લઈ મતદારોએ સવારથી જ ભારે ઉત્સાહ દાખવ્યો હતો. સવારે ૮ વાગે મતદાન શરૂ થયુ ત્યારથી જ મતદારોએ લાઈનો લગાવી દીધી હતી.

બપોરના બે વાગ્યા સુધીમાં તો ૫૮ ટકા જેટલુ મતદાન નોંધાઈ ચુક્યુ હતુ. આ પછી મતદાનમાં ક્રમશઃ રસ ઘટ્યો હતો પરંતુ બે થી ચાર દરમ્યાન વધુ ૧૨ ટકા જેટલુ મતદાન નોંધાયુ હતુ. જો કે છેલ્લા કલાકમાં પાંચ ટકા જ મતદાન થયુ હતુ.

આજે થયેલા ભારે મતદાનને પગલે ચૂંટણી રસિયાઓના માનવા પ્રમાણે રસાકસીભર્યા જંગમાં અણધાર્યા પરિણામો આવી શકે છે. ક્યાંક કોઈક વોર્ડમાં પેનલો તુટી શકે તેવી શકયતાઓ પણ વ્યક્ત થઈ રહી છે.

સૌથી વધુ મતદાન વોર્ડ નં. ૧ માં ૭૮.૩૮ ટકા જેટલુ નોંધાયુ છે. જ્યારે વોર્ડ નં. ૭માં ૭૦ ટકા જેટલુ મતદાન નોંધાયુ છે. દરેક વોર્ડમાં ૭૦ ટકાથી વધુ મતદાન થતાં રાજકીય કાર્યકરોમાં પરિણામોને લઈ ઉત્સુકતા વધી જવા પામી છે.

સોમવારે સવારે ૯ વાગે મતગણતરીનું કાર્ય હાથ ધરવામાં આવશે અને બપોરના બે વાગ્યા સુધીમાં તમામ બેઠકોના પરિણામ આવી જશે તેમ ચૂંટણી અધિકારી ભાલોડિયાએ જણાવ્યુ હતુ.

આજની મતદાનની પ્રક્રિયા સંપૂર્ણ શાંતિપૂર્ણ રહી હોવાનો દાવો કરી તેમણે જણાવ્યુ હતુ કે ક્યાંય પણ ઈ.વી.એમ. ખોટકાયુ નથી એટલુ જ નહિ ક્યાંયથી પણ ફરિયાદો ઉઠવા પામી નથી. નાની ફરિયાદો હશે પણ બી.એલ.ઓ. અને કર્મચારીઓના દ્વારા સચોટ માર્ગદર્શનથી તેનુ નિરાકરણ થયુ છે.

માણસા નગરપાલિકાના ચૂંટણી જંગમાં ૬૨ ઉમેદવારો છે. જેમાં ૨૮ ભાજપના અને ૨૮ કોંગ્રેસના તથા ૬ ઉમેદવારો અપક્ષ મેદાનમાં છે. બન્ને પક્ષોએ ભારે મતદાન કરનાર મતદારોનો આભાર માની વિજયનો વિશ્વાસ વ્યક્ત કર્યો છે.

# અમદાવાદ-મુંદ્રા વિમાની સેવાનો પ્રારંભ

ગાંધીનગર, તા. ૧૭

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ જણાવ્યું છે કે, દેશનો 'અમદાવાદ-મુંદ્રા' વચ્ચેની પ્રથમ વિમાની સેવાનો પ્રારંભ કરાવ્યો હતો.






છે. આપણાં વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ આમ આદમી માટે 'ઉડે દેશકા આમ નાગરિક' ના ધ્યેય કેન્દ્રશાસીત પ્રદેશોને લાભ મળી રહ્યો છે.

આજે એર ઓડીશાએ શરૂ એર ડેક્કનના સ્થાપક કેપ્ટન જી.આર. ગોપીનાથે જણાવ્યું હતું કે, ભારત સરકારે 'ઉડાન'નું આમ આદમી હવાઈ સફર કરી શકે તે માટે 'ઉડે દેશકા આમ નાગરિક' ના ભાવ સાથે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની દીર્ઘદષ્ટિથઈ 'ઉડાન' સેવા શરૂ કરાઈ છે.

આ યોજનાનો મહત્તમ લાભ રાજ્યના નાગરિકોને મળે તેવો રાજ્ય સરકારનો ધ્યેય છે. રિજ્યોનલ કનેક્ટીવીટી વધે તે માટે રાજ્ય સરકારે પ્રયાસો હાથ ધર્યા છે.

મુખ્યમંત્રીએ આજે અમદાવાદ એરપોર્ટથી

અત્રે ઉલ્લેખનીય છે કે, એર ઓડિશાએ ભારત સરકારની ઉડાન યોજના અંતર્ગત આ સેવાનો પ્રારંભ કર્યો છે. એર ઓડીશાએ ગુજરાત સ્ટેટ એક્સપોર્ટ કોર્પોરેશન લિમિટેડ (જી.એસ.ઈ.સી.), મોનાર્ક ગ્રુપ અને એર ડેક્કનનું સંયુક્ત સાહસ છે.

મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે, વિમાની પ્રવાસ એ આમ આદમીનું સ્વપ્ન હોય છે. દેશનો આમ નાગરિક સસ્તા દરે હવાઈ પ્રવાસ કરી શકે તે સરકારનો ધ્યેય સાથે 'ઉડાન' યોજના અમલી બનાવી છે.

મુખ્યમંત્રીએ વધુમાં જણાવ્યું હતું કે, ગુજરાત સરકારે સિવિલ એવીએશન મંત્રાલય અને એરપોર્ટ ઓથોરિટી ઓફ ઈન્ડિયા વચ્ચે રિજ્યોનલ કનેક્ટીવીટી સ્કીમ માટે ત્રિપક્ષી કરાર થયા છે. આવા કરાર કરનારા રાજ્યો પૈકી ગુજરાત પણ એક છે. રિજ્યોનલ કનેક્ટીવીટી સ્કીમ - ઉડાનમાં દેશના ૧૯ રાજ્યો અને ૩ કરેલી અમદાવાદ-મુંદ્રા હવાઈ સેવાનો ઉલ્લેખ કરી મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે, ગુજરાતના શહેરો વચ્ચેની આ સેવાનો લાભ આમ આદમીને પણ મળી શકશે.

'ઉડાન' યોજના અંતર્ગત દેશના ૪૦૦ એરપોર્ટને જોડવાની એક ઝુંબેશ છે. જેમાં ગુજરાતના ૧૦ એરપોર્ટનો સમાવેશ છે ત્યારે આ યોજનાનો મહત્તમ લાભ ગુજરાતને મળશે એમ તેમણે ઉમેર્યું હતું.

ઉઠાવેલું કદમ દેશના નાગરિકોને અત્યંત રાહત દરે પ્રાદેશિક હવાઈ સેવા પૂરી પાડશે. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ દેશના આમ આદમીને હવાઈ સફર કરાવવાનું સેવેલું સ્વપ્ન આ યોજનાથી પૂર્ણ થશે. આ પ્રસંગે રાજ્યના ઉડ્ડયન મંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા, એર ઓડીશાના એમ.ડી. શૈશવ શાહ, કરણ અદાણી, અગ્ર સચિવ એસ.જે. હૈદર વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

# ગુજરાતમાં કમોસમી વરસાદ સાથે કાતિલ ઠંડીનું મોજું ફરી વળશે

## દેશના ઉત્તરીય પર્વતીય પ્રદેશોમાં ભારે હિમવર્ષાના યોગ

ગાંધીનગર, તા. ૧૭

ફેબ્રુઆરી મહિનાના આગામી દિવસોમાં દેશના ઉત્તરીય પર્વતીય પ્રદેશોમાં ભારે હિમવર્ષાના લીધે ગુજરાતમાં વાતાવરણ પલ્ટાની પ્રબળ અસર જોવા મળશે, ગુજરાત સહીત દેશના કેટલાક ભાગોમાં કમોસમી વરસાદ સાથે કાતિલ ઠંડીનું મોજુ ફરી વળશે.

ગાંધીનગરના જાણીતા હવામાનશાસ્ત્રી અંબાલાલ પટેલ દ્વારા આગાહી કરવામાં આવી છે કે, માર્ચ મહિનાની શરૂઆતમાં દરિયાકિનારે પવન ફૂંકાવાથી દેશના કેટલાક ભાગોમાં ઉનાળાનો અહેસાસ થવાની સાથે કમોસમી વરસાદની શક્યતા છે. આ ઉપરાંત, માર્ચ-એપ્રિલ માસમાં દેશના કેટલાક ભાગોમાં પવન સાથે કમોસમી વરસાદ અને કરા પડવાની ધ્રાષ્ટી રહેશે. તેમજ દેશમાં ચોમાસા જેવો માહોલ પણ જામવાની શક્યતા વ્યક્ત કરાઈ છે.

ફેબ્રુઆરી માસના આગામી દિવસોમાં દેશના ઉત્તરીય પ્રદેશોમાં ભારે હિમવર્ષા થવાના યોગની અસરતળે દેશના અન્ય ભાગોનું હવામાન પણ પલટાશે. ૧૮મી ફેબ્રુઆરીએ વસંતઋતુનો પ્રારંભ થતા હવામાનમાં વિષમતા જણાશે. ૧૯મી ફેબ્રુઆરી પછી ગરમી વધવાની શક્યતા સાથે કોઈ કોઈ ભાગોમાં મહત્તમ તાપમાન ૩૫ ડિગ્રી સેલ્શિયસ થવાની સંભાવના વ્યક્ત કરવામાં આવી છે. આ ઉપરાંત ૨૦મી તથા ૨૧મી ફેબ્રુઆરીએ ઠંડા પવનો ફૂંકાશે. દેશમાં ઉત્તરપ્રદેશ, મધ્યપ્રદેશ તેમજ મહારાષ્ટ્રના ભાગોમાં કમોસમી વરસાદની શક્યતાઓ છે. વળી આ અરસામાં ગુજરાતમાં પણ વાદળો ફરી વળશે. આ ઉપરાંત, રાજસ્થાન, કચ્છ, ઉત્તર સૌરાષ્ટ્રના કેટલાક ભાગોમાં હવામાનમાં પલટો આવી શકે છે. દેશના કોઈ કોઈ ભાગોમાં છાંટા સાથે કમોસમી વરસાદ અને પવનની શક્યતાઓ સાથે ગુજરાતના અન્ય ભાગોમાં હવામાન કથળશે. દેશમાં પુનઃ હિમવર્ષા થતા ઠંડીની શક્યતા તથા તાપમાન ઘટતા પવન જોરથી ફૂંકાશે. દેશમાં આગામી ૨૩ થી ૨૬ ફેબ્રુઆરી દરમ્યાન પુનઃ હિમવર્ષા થાય તેવી આગાહી કરવામાં આવી છે.



### તાલુકા પંચાયત ચૂંટણી માટે ચિલોડા(ડ)માં ધમધમાટ

ગાંધીનગર તાલુકા પંચાયતની ચૂંટણીનું મતદાન ૨૧મી ફેબ્રુઆરીના રોજ યોજાશે. ત્યારે ભાજપના ઉમેદવાર દ્વારા ડોર ટુ ડોર, રેલી દ્વારા પુરજોસમાં પ્રચાર પ્રસાર કરી રહ્યા છે. ચિલોડા(ડ) એક માત્ર ગામ હોવાથી સરપંચપદની જેમ ભાજપ અને કોંગ્રેસ વચ્ચે કાંટે કી ટક્કર સીધી સ્પર્ધા યોજાઈ રહી છે. આ બેઠક પર ભાજપમાંથી પૂર્વ તાલુકા સદસ્ય અંજનાબેન પટેલ મેદાનમાં છે. પરિણામે હાલ બેઠક જીતવા ઉમેદવારો બેનરો, શેરીએ શેરીએ લગાવી પ્રચાર કરી રહ્યા છે. આ વખતની ચૂંટણીમાં લોકોની નજર ચિલોડા(ડ) છ નંબરની બેઠક પર રહેલી છે. આ બેઠક ગત ટર્મમાં ભાજપ હસ્તક હતી. પરિણામે ભાજપના ઉમેદવાર, સમર્થકો, ટેકેદારો એડીચોટીનું જોર લગાવી પ્રચાર ઝુંબેશ કરી રહ્યા છે. સમગ્ર ચિલોડા પંથકમાં ચૂંટણીમાં કોણ વિજેતા બનશે તેની ચર્ચા ચાલી રહી છે. ચિલોડા (ડ) બેઠક બંને ઉમેદવાર માટે પ્રતિષ્ઠાભર્યા જંગમાં કોણ મેદાન મારી જશે હવે આગામી દિવસોમાં પરિણામ બતાવશે. આમ છતાં ભાજપનું પલ્લુ ભારે જણાઈ રહ્યું છે. ભાજપ તરફી સમર્થન વધુ ઝોક જણાતા જીતવા માટે પ્રચાર ઝુંબેશ ચરમસીમાએ પહોંચી રહ્યો છે.

## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




ભલા માણસો... તમે એમ વિચારો કે બેંક કેટલો સુંદર વહીવટ કરે છે... તમારા જેવા લોકોનાં રૂપિયા અમે સાચવીએ છીએ ત્યારે જ તો... આ લોકો કરોડોનાં કૌભાંડ કરે છે ને....??

# સિનિયર સિટિઝન કાઉન્સિલ રજત જયંતિ મહોત્સવની ઉજવણી કરશે

ગાંધીનગર, તા. ૧૭

ગાંધીનગર સિનિયર સિટિજન્સ કાઉન્સિલની સ્થાપનાને ૨૫ વર્ષ પૂર્ણ થતાં આગામી તા. ૨૪ અને ૨૫મી ફેબ્રુઆરીના રોજ રજતજયંતિ મહોત્સવની ઉજવણી કરવામાં આવશે. સિનિયર સિટિઝન્સ કાઉન્સિલના પ્રમુખ હસમુખ શાહના જણાવ્યા મુજબ સંસ્થાને ૨૫ વર્ષ પૂર્ણ થતાં રજતજયંતિ મહોત્સવની ઉજવણીનું આયોજન કરવામાં આવ્યું છે. જે અન્વયે તા. ૨૪ ફેબ્રુઆરીના રોજ સેક્ટર-૧૭ ટાઉનહોલ ખાતે સવારે ૧૦.૩૦ કલાકે એક બેઠક યોજાશે. જેમાં જ્ઞાનપીઠ એવોર્ડ વિજેતા સાહિત્યકાર ડૉ. રઘુવીર ચૌધરી તેમજ પૂર્વ મુખ્ય સચિવ પી.કે. લહેરી ઉપસ્થિત રહેશે. બપોરે ૧૨ કલાકે ગાંધી સ્મૃતિનિધિ વ્યાખ્યાન યોજાશે. જેમાં ડૉ. રઘુવીર ચૌધરી વ્યાખ્યાન આપશે. બપોરે ૨.૩૦ કલાકે જાણીતા સાહિત્યકાર ડૉ. ચંદ્રકાન્ત મહેતા 'જિંદગી એટલે ઝિંદાદિલી' વિષય પર વ્યાખ્યાન આપશે.

આ ઉપરાંત, ડૉ. દલપત પઢિયાર 'મૂળ રે વિનાનું ઝાડવું' એ વિષય પર પ્રકાશ પાડશે. વ્યાખ્યાન બાદ સાંજે ૬ કલાકે ભવ્ય સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાશે. જેમાં ફિલ્મી કલાકાર નરેશ કનોડિયા ગીતોનો રસથાળ રજૂ કરશે. આ ઉપરાંત, ગુજરાત રાજ્ય સંગીત નાટ્ય અકાદમીના સહયોગથી અર્ચન ત્રિવેદી વૃંદ દ્વારા 'આનંદતરંગ' નાટક રજૂ કરાશે. તા. ૨૫ ફેબ્રુઆરીના રોજ સવારે ૧૦.૩૦ કલાકે હાસ્યમેવ જયતે વિષયને અનુલક્ષીને હાસ્ય લેખક રતિલાલ બોરીસાગર વ્યાખ્યાન આપશે. કાર્યક્રમના અંતમાં 'વરિષ્ઠતાનું ગૌરવ' વિષય પર મનસુખ સલ્લા વ્યાખ્યાન આપશે. સમગ્ર કાર્યક્રમનું સંચાલન ડૉ. વર્ષા પારેખ અને પ્રો. જૈમિની કુલકર્ણી કરશે. સંસ્થા દ્વારા રજતજયંતિ મહોત્સવની ઉજવણીના પ્રમુખ તરીકે ભાનુપ્રસાદ પુરાણીને જવાબદારી સોંપવામાં આવી છે.

# આજે સમસ્ત ગુજરાત બ્રહ્મસમાજનો સમુહ યજ્ઞોપવિત સંસ્કાર મહોત્સવ

ગાંધીનગર, તા. ૧૭

સમસ્ત ગુજરાત બ્રહ્મસમાજ અમદાવાદ દ્વારા ૧૮મી ફેબ્રુઆરીને રવિવારે ભાગવત વિદ્યાપીઠ,. સોલા પાસે બટુકોના સમુહ યજ્ઞોપવિત સંસ્કાર મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. ભાગવત વિદ્યાપીઠમાં ઉમિયા કેમ્પસ ખાતે કુલ ૧૦૮ બટુકોનો યજ્ઞોપવિત સંસ્કાર મહોત્સવ યોજાશે. મહોત્સવ અંતર્ગત સવારે ૮ કલાકે ગણેશ સ્થાપન તથા ૯ કલાકે ગ્રહશાંતિનું આયોજન કરવામાં આવ્યું છે. ગ્રહશાંતિમાં મુખ્ય મહેમાન તરીકે ધર્મેન્દ્ર ભગવતપ્રસાદ ત્રિવેદી ઉપસ્થિત રહેશે.

સવારે ૧૦ કલાકે બટુકોને સમુહ યજ્ઞોપવિત સંસ્કાર આપવામાં આવશે. આ ઉપરાંત બપોરે ૧૨.૩૦ કલાકે કાશીયાત્રાનું પ્રસ્થાન કરવામાં આવશે. સમુહ યજ્ઞોપવિત વ્યવસ્થાપક સમિતિ દ્વારા ભોજન સમારંભનું પણ આયોજન કરવામાં આવ્યુ છે. યજ્ઞોપવિત સંસ્કાર વિધિ ભાગવત્ વિદ્યાપીઠના શાસ્ત્રી રાજેન્દ્ર પંડ્યા તથા કૃષ્ણવદન દવે દ્વારા કરાવવામાં આવશે.

# રૂદ્ર મોબાઈલ દ્વારા ફ્રી મોબાઈલ સર્વિસ કેમ્પનું આયોજન

ગાંધીનગર, તા. ૧૭

સેક્ટર-૨૨ સ્થિત રૂદ્ર મોબાઈલ દ્વારા તા. ૧૮ અને ૧૯મી ફેબ્રુઆરીના રોજ ફ્રી મોબાઈલ સર્વિસ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. રૂદ્ર મોબાઈલના કાર્તિક પટેલના જણાવ્યા મુજબ આ કેમ્પ દરમિયાન ગ્રાહકોને વિનામૂલ્યે મોબાઈલનું ચેકિંગ અને ક્લીનિંગ કરી આપવામાં આવશે. આ ઉપરાંત, રીંગર, માઈક, બેટરી, ડિસ્પ્લેનું કામ પણ ગ્રાહકોને ફ્રીમાં કરી આપવામાં આવશે. કેમ્પનો લાભ લેવા માટે નગરજનોને મો. નં. ૯૯૭૮૭૮૭૮૦૯ પર સંપર્ક કરવા જણાવાયું છે.

# સ્વ. માણેકલાલ મેમોરિયલ લેક્ચર સિરિઝ અંતર્ગત બે કાર્યક્રમનું આયોજન

ગાંધીનગર, તા. ૧૭

કડી સર્વ વિશ્વ વિદ્યાલય દ્વારા સ્વ. માણેકલાલ એમ. પટેલ મેમોરિયલ લેક્ચર સિરીઝ ચલાવવામાં આવે છે. આ અંતર્ગત આગામી તા. ૧૯મી ફેબ્રુઆરીના રોજ બે કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. પ્રથમ કાર્યક્રમ સવારે ૧૦.૩૦ કલાકે સેક્ટર-૧૫ની એલડીઆરપી કોલેજ કેમ્પસ ખાતેના મિકીનિકલ હોલ ખાતે એક્સપર્ટ ટોક ઓન 'લેટ્સ મુવ ટુગેધર ટુ ઈમ્પ્રુવ હેલ્થ' યોજાશે. આ કાર્યક્રમ બાદ તેજ દિવસે બપોરે ૧૨.૩૦ કલાકે સેક્ટર-૧૨ ખાતેના નર્સિંગ કોલેજના સેમિનાર હોલ ખાતે વર્કશોપ યોજાશે. જેનો વિષય 'એનેબ્લીંગ ફિઝિકલ એક્ટિવિટી પ્રુઆઉટ ધ ડે' રાખવામાં આવ્યો છે. આ બંને કાર્યક્રમમાં તજજ્ઞ તરીકે ડૉ. કૌમુદી જોશીપુરા વિદ્યાર્થીઓને માર્ગદર્શન પુરૂ પાડશે. આ પ્રસંગે કડી સર્વ વિશ્વ વિદ્યાલયના ચેરમેન વલ્લભભાઈ પટેલ તેમજ રજીસ્ટ્રાર ડૉ. સૂર્યકાન્ત મંત્રાલા ઉપસ્થિત રહેશે.

ટચુકડી
જાહેર ખબર
દર ગુરુવારે-રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧

# રાજ્યમાં ગરમીના પ્રમાણમાં ધીમી ગતિથી વધારો નોંધાયો

અમદાવાદ,તા. ૧૭

ગુજરાતના મોટાભાગના વિસ્તારોમાં લઘુત્તમ તાપમાનમાં નહીવત ફેરફારની સ્થિતિ જોવા મળી છે. કેટલીક જગ્યાઓએ લઘુત્તમ તાપમાનમાં વધારો થયો છે જ્યારે કેટલાક વિસ્તારમાં ઘટાડો થયો છે. હવામાન વિભાગના કહેવા મુજબ આગામી બે દિવસ દરમિયાન લઘુત્તમ તાપમાનમાં કોઈ ફેરફાર નહીં થાય તેવી શક્યતા છે.

# નર્સિંગ કોલેજનો શપથ ગ્રહણવિધી સમારોહ યોજાયો

ગાંધીનગર, તા. ૧૭

ગાંધીનગરની સી.એમ. પટેલ કોલેજ ઓફ નર્સિંગનો કેન્ડલ લાઈટનીંગ અને શપથગ્રહણવિધી સમારોહ સે. ૧૫માં વીપીએમપી પોલિટેકનિક કોલેજના હોલ ખાતે યોજાયો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે નર્સિંગ અભ્યાસના સમાપને તમામ વિદ્યાર્થીઓને આ વ્યવસાયની પવિત્રતા અને જવાબદારી નિભાવવા શપથ ગ્રહણ કરવા ફરજિયાત હોય છે ત્યારબાદ જ તેમનો અભ્યાસ પૂર્ણ થયેલો ગણાય છે.

સેક્ટ-૧૨ સ્થિત સી.એમ. પટેલ કોલેજ ઓફ નર્સિંગની એએનએમ પ્રથમ વર્ષની ૬ઠ્ઠી બેચ, જીએનએમ પ્રથમ વર્ષની ૮મી બેચ તથા બીએસસી નર્સિંગની ૧૦મી બેચનો કેન્ડલ લાઈટનીંગ તથા શપથગ્રહણ સમારોહ તા. ૧૬મી ફેબ્રુઆરીએ યોજવામાં આવ્યો હતો.

આ સમારોહમાં સર્વ વિદ્યાલય કેળવણી મંડળના પ્રમુખ ડૉ. કનુભાઈ પટેલની ઉપસ્થિતિમાં સંસ્થાના દાતાઓ મફતલાલ પટેલ અને ભાઈલાલભાઈ પટેલ મુખ્ય મહેમાન પદે ઉપસ્થિત રહ્યા હતા.




આ ઉપરાંત સંસ્થાના પ્રીન્સિપાલ રાજેશ રાવલે હાજરી આપી શપથ લઈ રહેલા વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા. સમગ્ર કાર્યક્રમની સફળતા માટે નર્સિંગ કોલેજના કર્મચારીગણે ભારે જહેમત ઉઠાવી હતી.

# સે. ૨૧માં યુવાનનો ગળેફાંસો ખાઈ આપઘાત

શહેરના સેક્ટર-૨૧ પ્લોટ નં. ૫૧૨/૧ ખાતે રહેતા ૩૮ વર્ષિય યુવાન સુરેશભાઈ શોભાલાલ આંચડીયાએ રાત્રી દરમ્યાન પોતાના ઘરે જ કોઈ અગમ્ય કારણોસર ગળેફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. સવારે આઠ વાગ્યાના અરસામાં ઘટનાની જાણ થતા પોલીસને બોલાવી લેવાઈ હતી. સે. ૨૧ પોલીસ મથકના પીએસઆઈ આર.આર. પાંડોરે અકસ્માત મોતનો ગુનો દાખલ કરીને મૃતદેહ પોસ્ટમોર્ટમ કરાવી યુવાને કરેલા આપઘાતનું કારણ બહાર લાવવા તજવીજ શરૂ કરી છે.

ટચૂકડી જાહેર ખબર
જોઈએ છે
ઓફિસ એક્ઝીક્યુટીવ
(અનુભવી તેમજ ફ્રેશર)
એમટેક ઈલેક્ટ્રોનીક્સ
(ઈન્ડીયા) લીમીટેડ
ગાંધીનગર.
મો. ૯૯૦૯૯ ૭૫૯૫૩
Email : prm@amtechelectronics.com



### મુક્તિધામ નજીક મૃત ગાયની દફનવિધી કરાઈ

આપણા દેશમાં ગાય માતા તરીકે પૂજાય છે. પરંતુ હકીકતમાં ગાયોની જે દુર્દશા જોવા મળે છે તે જોઈને સાચા જીવદયા પ્રેમીઓની આંતરડી કકળે છે. શહેરના મુક્તિધામ સ્મશાન નજીક આવી જ એક રખડતી ગાય બિમારીના કારણે મૃત્યુ પામી હતી જેને બે દિવસ સુધી કોઈ લેવા ના આવતા દુર્ગંધ આવવાની ચાલુ થવા પામી હતી. છેવટે મુક્તિધામના સ્ટાફે જેસીબી મંગાવી ખાડો ખોદી વિધિવત રીતે ગાયની દફનવિધી પૂર્ણ કરી હતી.